## સંક્ષિપ્ત સમાચાર

### ૧૮મી કેતન મુનશી વાર્તા સ્પર્ધાનો પારિતોષિક વિતરણ કાર્યક્રમ યોજાયો



સુરતઃ નર્મદ સાહિત્ય સભા યોજિત ૧૮મી કેતન મુનશી વાર્તા સ્પર્ધાના વિજેતાઓને ઇનામ આપવાનો સમારોહ આઝાદ સંસ્કૃતિક કેન્દ્રમાં યોજાયો હતો. તેમાં અમદાવાદના દીવાન ઠાકોરને 'પૂંછડીવાળું બાળક' વાર્તા માટે રૂ. ૨૫ હજાર, યુ.એ.ઈ. (હાલ અમદાવાદ)ના ચિંતન આચાર્યને 'પતંગિયું' વાર્તા માટે રૂ. દસ હજાર અને કેશોદ તાલુકાના દિવ્યા જાદવને 'અંતે તો' વાર્તા માટે રૂ. પાંચ હજારના ઇનામો આપવામાં આવ્યાં હતાં. સ્પર્ધાના મુખ્ય નિર્ણાયક સાહિત્યકાર માવજી મહેશ્વરીએ અંતિમ સ્પર્ધાની વાર્તાઓની છણાવટ કરી પ્રવર્તમાન ગુજરાતી વાર્તાઓ વિષે વક્તવ્ય આપ્યું હતું. ઉપપ્રમુખ કપિલદેવ શુક્લએ પ્રથમ વિજેતા વાર્તાનું ભાવવાહી પઠન કર્યું હતું. સંસ્થાના પ્રમુખ બકુલ ટેલરે આવકાર આપ્યો હતો અને મંત્રી મયંક ત્રિવેદીએ આભારવિધિ કરી હતી. મંત્રી નરેશ કાપડીઆએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### કીમની શ્રી ધન્વંતરી ફાર્મસી કોલેજમાં કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરાયું




સુરતઃ શ્રી ધન્વંતરી ફાર્મસી કોલેજ, કિમ દ્વારા દ્વારા ગત તા.04 એપ્રિલ 2026, શનિવારના રોજ એક્સેલેન્ટ મેડિકલ બિલિંગ સોલ્યુશન તરીકે કેમ્પસ ઇન્ટરવ્યુનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટ ડ્રાઇવમાં ડી. ફાર્મ અને એમ.ફાર્મના વિદ્યાર્થીઓની સાથે ફ્રેશરને પણ અરજી કરવાની તક અપાઇ હતી. આ કેમ્પસ ઇન્ટરવ્યુમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને તેમની શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક ક્ષમતાઓનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમના આયોજનમાં ડી.ફાર્મ વિભાગના હેડ ડો. ઝીલ નાયકના માર્ગદર્શન અને સંકલન હેઠળ કોલેજના મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ અને પ્લેસમેન્ટ સેલનો પણ સહયોગ રહ્યો હતો.

### સુરત પીપલ્સ બેંકના મેગા રક્તદાન અભિયાનમાં 1468 યુનિટ રક્ત એકઠું થયું



સુરતઃ ધી સુરત પીપલ્સ કો-ઓપરેટિવ બેંક લિ.ના ૧૦૫માં સ્થાપના દિવસ (૨૧ એપ્રિલ)ની ઉજવણીના ભાગરૂપે બેંક દ્વારા વિવિધ શાખાઓ અને સ્થળોએ આયોજિત 'મેગા રક્તદાન અભિયાન' સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. આ અભિયાન અંતર્ગત નિર્ધારિત કરેલા ૧૦૫૧ યુનિટના લક્ષ્યાંક સામે કુલ ૧૪૬૮ યુનિટ રક્ત એકત્રિત કરવામાં બેંકને અસાધારણ સફળતા મળી છે. જેમાં તા.12મી એપ્રિલે કામરેજ અને અમરોલી-છાપરાભાઠા શાખા, તા.17મીએ બારડોલી શાખા, તા.18મીએ નવસારી, વલસાડ, વાપી અને ચીખલી ખાતે તેમજ તા.19મીએ દયાળજી આશ્રમ ખાતે શિબિરો યોજાઈ હતી. આ અભિયાનને સફળ બનાવવા માટે બેંક સુરત રક્તદાન કેન્દ્ર, સરદાર સ્મારક હોસ્પિટલ, વલસાડ રક્તદાન કેન્દ્ર, ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી (નવસારી), લાયન્સ રિસર્ચ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ અને GIDC લાયન્સ શ્રીમતી પુરિબેન પોપટલાખા બ્લડ સેન્ટર જેવી સંસ્થાઓનો આભાર માન્યો છે.

### સુરત પટેલ પ્રગતિ મંડળની વાડી બુકિંગનો 90 દિવસનો પ્રતિબંધ ઉઠાવી લેવાયો

સુરત, સાયણઃ શ્રી પટેલ પ્રગતિમંડળની સુરતની ભૂતપૂર્વ સમિતિ તરફથી અન્ય સમાજ માટે વાડી બુકિંગ માટે વિરોધ કરવા છતાં ૯૦ દિવસનો પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો હતો. એ પ્રતિબંધ સામે લોકોની ફરિયાદ ધ્યાનમાં લઈ સુરત વ્યવસ્થાપક સમિતિ તથા સમન્વય સમિતિ, ટ્રસ્ટીમંડળ તરફથી તા.૧૨-૪-૨૦૨૬ની મિટિંગમાં રદ કરી તેનો અમલ તા.૧૩-૪-૨૦૨૬થી અન્ય સમાજ ૧૨૦ દિવસ પહેલા જ વાડી બુકિંગ કરાવી શકશે તેવો સુધારો કરવામાં આવ્યો છે. જ્યારે સમાજના લોકો ૩૬૫ દિવસમાં ગમે ત્યારે વાડી બુકિંગ કરાવી શકશે. સમાજના સભ્ય માટે ભાડા તથા મંડળની ચીજવસ્તુ ૫૦ ટકા રાહત અને બિન સભ્ય માટે ૪૦ ટકા રાહત આપવામાં આવે છે. સમાજના લોકોએ સમાજનું હિત ધ્યાનમાં લઈ સમાજની વાડીનો વધુમાં વધુ ઉપયોગ કરવા અધ્યક્ષ રમેશચંદ્ર તથા મંત્રી મનોજ પટેલે જણાવ્યું હતું.

### અમદાવાદી શ્રીમાળી સોની જ્ઞાતિના સમસ્ત માતા-પિતાના મોક્ષાર્થે ભાગવત સપ્તાહ

સુરતઃ ફેમિલી ભજન મંડળ દ્વારા શ્રી અમદાવાદી શ્રીમાળી સોની જ્ઞાતિ સમાજના સમસ્ત માતા-પિતાના મોક્ષાર્થે ભવ્ય શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ અંબાજી રોડ, શ્રી વાઘેશ્વરી માતાજીની વાડી ખાતે થયો છે. આ ધાર્મિક પ્રસંગમાં પ્રસિદ્ધ વક્તા મણિશાનંદજી મહારાજ દ્વારા ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવી રહ્યું છે. આ સપ્તાહનું આયોજન તા. 24 એપ્રિલ 2025 સુધી કરવામાં આવ્યું છે. આ નિમિત્તે સંજયભાઈ જયંતિલાલ મંદિરવાલાના નિવાસસ્થાનેથી પોથી યાત્રા નીકળી હતી. તા. 24 એપ્રિલે કથાનું સમાપન, સુદામા ચરિત્ર અને પૂર્ણાહુતિ થશે.

### લંબે હનુમાન રોડના રાધાકૃષ્ણ મંદિર અને શ્યામા આશ્રમ ટ્રસ્ટની 23મીએ સાલગીરી

સુરતઃ લંબેહનુમાન રોડ, ત્રિકમનગર-૨ સ્થિત શ્રી રાધાકૃષ્ણ મંદિર તથા શ્યામા આશ્રમ ટ્રસ્ટ દ્વારા તા. ૨૩/૦૪/૨૦૨૬ના વૈશાખ સુદ ગુરુવારે શ્રી રાધાકૃષ્ણ મંદિર તથા શ્યામા આશ્રમના ૪૬મા પાટોત્સવ (સાલગીરી)નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત યોજાયેલા કાર્યક્રમોમાં સવારે ૧૧.૦૦ થી ૫.૦૦ દરમ્યાન હોમ હવનનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તોને આમાં ભાગ લેવા માટે જણાવાયું છે.

### શેઠ સી.ડી. બરફીવાલા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો રિયુનિયનનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ શેઠ સી.ડી.બરફીવાલા કોલેજ ઓફ કોમર્સના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો રિયુનિયન કાર્યક્રમ તા. 18 એપ્રિલ, 2026ના રોજ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન કોલેજ જીવનના યાદગાર ક્ષણોને તાજા કરતા જૂના વીડિયો અને તસવીરોનું પ્રદર્શન કરવામાં આવ્યું, જેને જોઈ ઉપસ્થિતો ભાવવિભોર બન્યા હતા. આ પ્રસંગે પ્રોફેસરોનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું. પ્રોફેસરોએ પ્રેરણાદાયક ઉદબોધન આપતા પોતાના અનુભવો અને સંસ્મરણો વહેંચ્યા હતા.

## ઉત્રાણ વિસ્તારમાં મોબાઈલ સ્નેચિંગ કેસમાં આરોપીને દસ વર્ષની સજા

સુરતઃ શહેરમાં ઉત્રાણ પોલીસ સ્ટેશને હદમાં બનેલા મોબાઇલ સ્નેચિંગ કેસમાં સેશન્સ કોર્ટે આરોપીને દસ વર્ષની સજા ફટકારી હતી. તા. ૮મી માર્ચ ૨૦૨૪ના રોજ બપોરે ઉત્રાણ વી.આઈ.પી. સર્કલ વિસ્તારમાં ફરિયાદી ભગવાનભાઈની પત્ની સુરેખાબેન નેરકર રિક્ષામાંથી ઉતરી અમૃતમ હાઇટ્સ તરફ જઈ રહ્યા હતા ત્યારે દરમિયાન મોટરસાઈકલ પર આવેલા યુવાને અચાનક આવી મોબાઈલ ફોન ઝુંટવી લઇ ભાગી ગયો હતો. પોલીસ તપાસ દરમિયાન કોસાડ આવાસના આરોપી સુમિત ઉર્ફે ગોલુ મદનમોહન સહાનીને ઝડપી પાડવામાં આવ્યો હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી અધિક સત્ર ન્યાયાધીશ આરડી મહેતાની કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ કે. ડી. ખેરનાર ફરિયાદ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સજા અને દંડ ફટકાર્યો હતો.

## ખરવર શેરીમાં જર્જરિત મકાનનાં પોપડા ખર્યા

**લીમડા** ચોક નજીક પાર્ક કરેલી કારને નુકસાન



સુરતઃ સુરત શહેરના કોટ વિસ્તારમાં આવેલી જર્જરિત ઈમારતો ફરી એકવાર જોખમરૂપ સાબિત થઈ છે. અવારનવાર આવી ઈમારતોમાંથી પોપડા ખસવા અથવા ભાગ તૂટી પડવાના બનાવો સામે આવતા રહે છે. જેના કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાય છે. સોમવારે સવારે લીમડા ચોક નજીક ખરવર શેરી વિસ્તારમાં આવી જ એક ઘટના સામે આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખરવર શેરીમાં ઘર નં.9/1240 પર આવેલા ગ્રાઉન્ડ ફ્લોર સહિત ત્રણ માળના મકાનના બીજા માળની ગેલેરીમાંથી અચાનક પોપડા ખરવા લાગ્યા હતા. સવારે અંદાજે 8:30 કલાકે બનેલી આ ઘટનામાં ગેલેરીનો ભાગ તૂટી નીચે પાર્ક કરેલી કાર પર પડ્યો હતો. પોપડા પડતાં કારના કાચ તૂટી ગયા હતા અને વાહનને નુકસાન થયું હતું. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકોમાં અફરાતફરી મચી ગઈ હતી. સદનસીબે આ બનાવ સમયે ત્યાં કોઈ વ્યક્તિ હાજર ન હોવાને કારણે કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી. ઘટનાની માહિતી મળતાં ફાયર વિભાગના અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ઘાંચી શેરી ફાયર સબ ઓફિસર રસિક ગામીતે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં મકાન જર્જરિત હાલતમાં હોવાનું સામે આવ્યું છે. સ્થાનિક તંત્ર દ્વારા આવી ઈમારતોનું સમયસર સર્વેક્ષણ અને જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઊઠી રહી છે, જેથી ભવિષ્યમાં મોટા અકસ્માતોને અટકાવી શકાય.

### સુરત ક્રાઇમ બ્રાન્ચનું મહારાષ્ટ્રમાં 'મિશન માલેગાંવ'

## જંગલમાં ૫ કિલોમીટર ચાલીને દુષ્કર્મના આરોપીને પકડી લીધો

**સાબરમતી** જેલમાંથી પેરોલ જમ્પ કર્યું હતું

સુરતઃ સુરત ક્રાઈમ બ્રાન્ચે એક વર્ષથી વધુ સમયથી પોલીસને થાપ આપી રહેલા અને સગીરા સાથે દુષ્કર્મ જેવા ગંભીર ગુનાના આરોપીને મહારાષ્ટ્રના માલેગાંવના સનોજ ગામમાંથી ફિલ્મી ઢબે ઝડપી પાડ્યો છે.

ક્રાઈમ બ્રાન્ચના એડિશનલ પોલીસ કમિશનર ડો. કરણરાજ વાઘેલાએ જણાવ્યું હતું કે, પકડાયેલો કેદી ભાસ્કર ભીખાભાઈ વાઘમારે (ઉ.વ. ૨૩) અમદાવાદના શહેર કોટડા પોલીસ મથકે વર્ષ ૨૦૨૩માં નોંધાયેલા અપહરણ અને દુષ્કર્મના ગુનામાં જેલમાં હતો. તે ૨૮ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ૮ દિવસની વચગાળાની રજા પર બહાર આવ્યો હતો, પરંતુ મુદત પૂરી થવા છતાં જેલમાં હાજર થયો ન હતો. ક્રાઈમ બ્રાન્ચની નાસતા ફરતા સ્કોડને બાતમી મળી હતી કે આરોપી માલેગાંવના સનોજ ગામમાં છુપાયેલો છે. પોલીસની ટીમને તપાસમાં જાણવા મળ્યું હતું કે આરોપી પોલીસથી બચવા માટે તેના મૂળ વતનથી ૧૦૦ કિમી દૂર ખેતરોમાં ઝૂંપડું બાંધીને રહેતો હતો. દિવસ દરમિયાન તે પોલીસને ઓળખી જાય તેવી શક્યતા હોવાથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે રાત્રિના સમયે ઓપરેશન પાર પાડ્યું હતું. પોલીસ જવાનો જંગલ અને ખેતરાડી માર્ગે પાંચ કિમી જેટલું અંતર પગપાળા કાપી, ટોર્ચના અજવાળે આરોપીના ઝૂંપડા સુધી પહોંચ્યા હતા અને તે નિદ્રાધીન હતો ત્યારે જ તેને કોર્ડન કરી દબોચી લીધો હતો.

#### સગીરા સાથે વારંવાર દુષ્કર્મ કર્યું હતું

૨૯ માર્ચ ૨૦૨૩ના રોજ આરોપી સગીરાને લગ્નની લાલચ આપી પોતાના વતન લઈ ગયો હતો અને ત્યાં તેની સાથે અનેકવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ ગુનામાં તેની ધરપકડ થયા બાદ તેને સાબરમતી જેલમાં ધકેલી દેવાયો હતો, જ્યાંથી તે રજાના બહાને ફરાર થઈ ગયો હતો.

#### પોલીસને થાપ આપવા સ્થળ બદલતો હતો

મૂળ વતન રોકડપાડામાં જવાને બદલે મહારાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં છૂટક મજૂરી કરીને ગુજરાન ચલાવતો હતો. છેલ્લે તે માલેગાંવના સનોજ ગામમાં ખેત મજૂરી અને વેલ્ડિંગના કામમાં જોડાયો હતો. તેણે એવું માન્યું હતું કે અંતરિયાળ વિસ્તારના ખેતરમાં રહેવાથી તે પોલીસની નજરે નહીં ચઢે.

## ૧.૦૭ કરોડની વ્હેલ માછલીની ઊલટી સાથે ત્રણ ઝડપાયા

**ભરૂચના** કાવી કંબોઈ વિસ્તારના માછીમારો ધીરુ વાઘેલા અને ઉમેશ ભાલિયાને દરિયામાંથી મળ્યો હતો

સુરત : ટૂંકા સમયમાં માલામાલ થઈ જવાના મનસૂબા સાથે વન્યજીવ તસ્કરીના રવાડે ચઢેલા એક શિક્ષિત યુવાન અને તેની ટોળકીને સુરત પોલીસની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ ઝડપી પાડી છે. ભરૂચના દરિયાકાંઠેથી માછીમારોને મળેલું અંદાજે ૧.૦૭ કરોડની કિંમતનું 'એમ્બરગ્રીસ' (વ્હેલ માછલીની ઉલ્ટી) સુરતમાં વેચાય તે પહેલા જ SOGના નવ નિયુકત પીઆઈ જે.એમ પરમાર અને તેમની ટીમે ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડી ત્રણની ધરપકડ કરી છે.

SOGમાં પીઆઇ જે.એમ પરમારને મળેલી ચોક્કસ બાતમીના આધારે ડિંડોલીના આર.જે.ડી. બિઝનેસ પ્લાઝા પાસે વોચ ગોઠવવામાં આવી હતી. પોલીસે શંકાસ્પદ હાલતમાં અમરીશ ઉર્ફે અમરીશકુમાર જયપ્રકાશ મિશ્રા

ઉંમરઃ ૩૪, વાઘરીવાડ, ભેસ્તાન ત્રણ રસ્તા, ભેસ્તાન),સોનુ ઉર્ફે બાબલુ દેવીપ્રસાદ ઉપાધ્યાય(ઉંમરઃ ૪૦,બજરંગનગર, મિલેનીયમ પાર્ક ગેટ નંબર-૦૫ ની સામે, કરાડવા રોડ, ડિંડોલી) અને સંદીપ કૃપાશંકર ઉપાધ્યાય(ઉં.વ.35,રહે.શ્રીનાથ સોસાયટી, દેલાડવા રોડ, ડિંડોલી) (તમામ મૂળ યુ.પી.) ને અટકાવી તેમની થેલી તપાસતા તેમાંથી ૧.૦૭૧ કિલોગ્રામ વજનનો મીણ જેવો પદાર્થ મળી આવ્યો હતો.

FSL તપાસમાં આ પદાર્થ કિંમતી 'એમ્બરગ્રીસ' હોવાનું સ્પષ્ટ થતા પોલીસે ૧,૦૭,૧૦,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપીઓની પૂછપરછમાં બહાર આવ્યું છે કે આ પદાર્થ ભરૂચના કાવી કંબોઈ વિસ્તારના માછીમારો ધીરુ વાઘેલા અને ઉમેશ ભાલિયાને દરિયામાંથી મળ્યો હતો. મુખ્ય આરોપી અમરીશ એ વોન્ટેડ આરોપી ધીરુનો બનેવી થાય છે. છેલ્લા ત્રણ મહિનાથી તેઓ આ 'ફ્લોટિંગ ગોલ્ડ' વેચવા માટે ગ્રાહકની શોધમાં હતા અને છેલ્લા એક સપ્તાહથી સુરતમાં સક્રિય થયા હતા.

આ કેસની ચોંકાવનારી વિગત એ છે કે પકડાયેલ મુખ્ય આરોપી અમરીશ મિશ્રા B.Com સુધીનો અભ્યાસ કરી ચૂક્યો છે અને જાણીતી ઓનલાઇન કંપની Flipkartમાં ડિલિવરી બોય તરીકે કામ કરતો હતો. સ્થિર નોકરી હોવા છતાં કરોડો રૂપિયાની કમાણી કરવાની લાલચ તેને ગુનાખોરીના રસ્તે દોરી ગઈ હતી. તેની સાથે અન્ય બે રિક્ષાચાલકો પણ આ કાળા કારોબારમાં સામેલ હતા.

### મતદાન જનજાગૃતિ માટે કલેક્ટરાલયમાં રંગોળી



ભારતમાં મતદાનને મહાપર્વ ગણવામાં આવે છે અને તંત્ર વધુમાં વધુ લોકો આ પર્વમાં જોડાઇ તેવા પ્રયત્ન કરે છે. મતદાનની જાગૃતિ માટે કલેક્ટર કચેરી ખાતે સુંદર રંગોળી કરવામાં આવી હતી. **(તસવીર : સતીષ જાદવ)**

### કંડમ થયેલી વધુ એક સિટી બસ સળગી ગઇ

સુરતઃ કંડમ થયેલી સિટી બસોમાં સતત મેન્ટેનેન્સનાં અભાવને કારણે તેમાં મુસાફરી કરવું જોખમી બનતું જાય છે, અવારનવાર આગ લાગવાની ઘટનાઓને કારણે મુસાફરોનાં જીવો પણ જોખમમાં મુકાતા હોય છે ત્યારે સોમવારે બપોરે ફરી એક વાર ડભોલીથી કતારગામ તરફ જતાં રસ્તા ઉપર પાર્ક કરેલી એક સિટી બસમાં આગ લાગી ભડકી હતી. બનાવની જાણ થતાં જ ડભોલી ફાયર સ્ટેશનનો કાફલો પણ સ્થળ ઉપર દોડી આવ્યો હતો. પ્રાપ્ત જાણકારી મુજબ આજે બપોરે 12:00 કલાકે ડભોલીથી કતારગામ તરફ જતી એક સિટી બસમાં એન્જિનનાં ભાગે શોર્ટ સર્કિટ થવાને કારણે આગ ભડકી ઊઠી હતી. બસના ડ્રાઈવર બસને એક સાઈડ કરી જમી રહ્યા હતાં, દરમિયાન એકાએક આગ લાગવાની શરૂઆત થઈ હતી. ઘટનાની ગંભીરતા પારખી જઈ તુરંત ફાયર કંટ્રોલને તેની જાણ કરી દેવામાં આવી હતી. પહેલાં ડ્રાઈવર અને કંડક્ટરે ફાયર એક્સિટિંગ્યુશનનાં સાધન વડે આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન ફાયર બ્રિગેડ પણ પહોંચી જતાં પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં કરી લેવામાં આવી હતી.

## ઉધના સ્ટેશનની અફરાતફરી બાદ રેલવે તંત્ર જાગ્યું

**મુસાફરોની** સુરક્ષા માટે ADRMની નિમણૂક સહિતના 6 મુદ્દાની ગંભીર રજૂઆત

સુરતઃ ઉધના રેલવે સ્ટેશન પર ગત તા.19-4-26ના રોજ સર્જાયેલી અફરાતફરી અને દુર્ઘટના જેવી સ્થિતિનું પુનરાવર્તન ન થાય એ માટે હવે રાજકીય અને સામાજિક સ્તરે રજૂઆતો તેજ બની છે. પશ્ચિમ રેલવેની ઝેડઆરયુસીસી (ZRUCC) એક્સ સભ્ય અને રેલવે કમિટીના ચેરમેન રાકેશ શાહે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરને પત્ર લખી મુસાફરોની સુરક્ષા અને સુવિધા માટે ગંભીર સૂચનો કર્યાં છે. રાકેશ શાહે આ પત્રની નકલ મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના ડીઆરએમ (DRM) ને પણ મોકલી છે અને આ બાબતે તાત્કાલિક કાર્યવાહી કરવા વિનંતી કરી છે. હવે જોવાનું એ રહે છે કે રેલવે તંત્ર આ ગંભીર સૂચનો પર કેટલી ઝડપથી અમલ કરે છે.

#### દક્ષિણ ગુજરાતના મુસાફરોની હાલાકી દૂર કરવા ભાર મુકાયો

1. સુરત સ્ટેશન પર તાત્કાલિક ADRMની નિમણૂકઃ સુરતને જ્યાં સુધી સ્વતંત્ર DRM ઓફિસ ન મળે ત્યાં સુધી મુસાફરોના હિતમાં ત્વરિત નિર્ણયો લેવા માટે સુરત સ્ટેશન પર તાત્કાલિક ધોરણે એક ADRM (Additional Divisional Railway Manager) કક્ષાના અધિકારીની નિમણૂક કરવામાં આવે.
2.અંત્યોદય એક્સપ્રેસના ફેરામાં વધારોઃ હાલમાં સપ્તાહમાં માત્ર એક જ દિવસ ચાલતી અંત્યોદય એક્સપ્રેસમાં મુસાફરોનો ભારે ધસારો રહે છે. આ ભીડને જોતાં આ ટ્રેન અઠવાડિયામાં ત્રણ દિવસ ચલાવવી અનિવાર્ય છે.
3.પરપ્રાંતીયો માટે દરરોજ અનરિઝર્વ્ડ ટ્રેનઃ સુરતમાં વસતા લાખો પરપ્રાંતીય શ્રમિકો અને મુસાફરોની સંખ્યાને ધ્યાને રાખી દરરોજ ઓછામાં ઓછી એક અનરિઝર્વ્ડ (સામાન્ય) ટ્રેન દોડાવવી જોઈએ.
4.વિકેન્દ્રીકરણ દ્વારા ભીડનું નિયંત્રણઃ તમામ ટ્રેનો માત્ર એક જ સ્ટેશન પરથી ચલાવવાને બદલે ઉધના, બારડોલી, ચલથાણ અને ભેસ્તાન જેવાં સ્ટેશનો પર જરૂરી સુવિધાઓ ઊભી કરી ત્યાંથી ટ્રેનોનું સંચાલન કરવું જોઈએ. જેથી ભીડ વહેંચાઈ જાય અને અકસ્માત નિવારી શકાય.
5.મુસાફરો માટે પાયાની સુવિધાઓઃ વેકેશન અને તહેવારો દરમિયાન પોલીસ તંત્રે નિર્દોષ મુસાફરો પર લાઠીચાર્જ ન કરવો પડે તેવું આયોજન કરવું. સાથે જ સ્ટેશનો પર મજબૂત લાકડાંનાં બેરિકેટ્સ, ગરમીથી બચવા માટે ગ્રીન નેટના મંડપ અને પીવાના પાણીની પૂરતી વ્યવસ્થા અગાઉથી જ કરવી જોઈએ.
6.સોશિયલ મીડિયા અને અખબારો દ્વારા જાણકારીઃ કોઈપણ નવી ટ્રેન શરૂ કરવામાં આવે તો તેની માહિતી ઓછામાં ઓછા 10 દિવસ પહેલા અખબારો, ન્યૂઝ ચેનલો અને સોશિયલ મીડિયા દ્વારા જાહેર કરવી, જેથી મુસાફરો અગાઉથી આયોજન કરી શકે અને રેલવેના વિભાગો પણ સજ્જ રહી શકે.

### જમવાનું નહીં બનાવવા બાબતે ઝઘડો થયો હતો

## 8 વર્ષની પુત્રીએ PIને કહ્યું, મારા પપ્પાએ ધક્કો માર્યો હતો

**ઉધનામાં** જમવાં મામલે પુત્રના હાથે માતાની હત્યા

**પુત્ર** પિતાનું ગળું દબાવી રહ્યો હતો ત્યારે માતા છોડાવવા વચ્ચે પડતાં ધક્કો મારતા મોત નીપજ્યું હતું

સુરતઃ સુરતના ઉધના વિસ્તારમાં પુત્રએ સગી માતાની હત્યા કરી નાંખી છે. આ ગુનાની તપાસ ચાલી રહી હતી ત્યારે ઉધનાના પીઆઈ આર.એમ. ઠાકોરને હત્યામાં સંડોવાયલા મોન્ટુની આઠ વર્ષની પુત્રીએ કહ્યું હતું કે, 'અંકલ મારા પપ્પાએ જ મારાં દાદીને ધક્કો માર્યો હતો'.

ઉધનાના વાત્સલ્ય એવન્યુમાં રહેતા 68 વર્ષીય હર્ષદભાઈ મણિલાલ શાહને મેહુલ ઉર્ફે મોન્ટુ વાણિયા નામનો પુત્ર છે. 2014ના વર્ષમાં તેણે પ્રેમ લગ્ન કર્યા હતા. ત્રણ વર્ષ બાદ છૂટાછેડા થઈ ગયા હતા. હાલમાં તેને 8 વર્ષની પુત્રી હિયા છે જે તેની સાથે રહે છે અને તેની દેખરેખ તેના દાદી પ્રતિક્ષાબેન રાખતા હતાં.

ગઈ કાલે તા. 19મીએ રાત્રે અગિયાર-સાડા અગિયાર વાગ્યે તેના પુત્ર એ મારા માટે અને મારી પુત્રી માટે રસોઈ કેમ નથી બનાવી? તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. જે હર્ષદભાઈનું ગળું દબાવવા લાગ્યો હતો. એવામાં તેની માતા પ્રતીક્ષાબેન વચ્ચે પડ્યા હતા. ક્રોધાવેશમાં પુત્ર ભાન ભૂલી ગયો અને માતાને જોરદાર ધક્કો મારી દીધો હતો.

જેના કારણે તેમને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. સારવાર માટે હોસ્પિટલે પહોંચે તે પહેલા જ તેમનું મૃત્યુ થયું હતું.

થોડા સમય પૂર્વે હર્ષદભાઈને વાહન અકસ્માત નડ્યો હતો. જેમાં તેમનો એક પગ કાપવો પડ્યો હતો. જેથી તે હાલ ઘરે જ રહે છે. જ્યારે મોન્ટુ પત્નીના વિરહમાં કાંઈ કામ ધંધો કરતો ન હતો અને તોડો અવળે રસ્તે ચડી ગયો હતો.

## આ લોકોને ગીરનાર પચાવી પાડવો છે

**જૈન** ધર્મ વિરુદ્ધ સોશિયલ મીડિયામાં અભદ્ર ટિપ્પણી કરનાર સામે FIR

ગિરનાર પચાવી પાડવા અને ભગવાન હનુમાનજી વિશે પાયાવિહોણી પોસ્ટ કરી વૈમનસ્ય ફેલાવવાનો ગંભીર આક્ષેપ

સુરતઃશહેરના પાલ વિસ્તારમાં રહેતા અને શેરબજારના વ્યવસાય સાથે સંકળાયેલા એક જૈન અગ્રણીએ જૈન ધર્મના તીર્થંકરો, સિદ્ધાંતો અને ઈતિહાસ વિશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' (અગાઉનું ટ્વિટર) પર અપમાનજનક પોસ્ટ કરનાર શખ્સ વિરુદ્ધ ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી છે. ગિરનાર તીર્થ અને જૈન રામાયણ સંદર્ભે અભદ્ર ભાષાનો પ્રયોગ કરી સામાજિક શાંતિ જોખમાય તેવું કૃત્ય કરવા બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૨૯૯ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પાલ સ્થિત સિદ્ધાંચલ એવન્યુમાં રહેતા ૩૯ વર્ષીય જિજ્ઞેશભાઈ નરેન્દ્રભાઈ કુબડિયાએ નોંધાવ્યું છે કે, છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર જૈન ધર્મની પરંપરાઓ અને ઈતિહાસ વિશે તથ્યહીન વાતો ફેલાવી સમાજમાં ગેરસમજ ઊભી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ બાબતે જૈન સમાજના જાગૃત નાગરિકો દ્વારા સોશિયલ મીડિયા પર સતત નજર રાખવામાં આવી રહી હતી.

#### 'X' આઈડી દ્વારા ઉશ્કેરણીજનક પોસ્ટ

ગઈ તારીખ ૧૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ બપોરે ૨:૦૪ કલાકે ફરિયાદીના ધ્યાને આવ્યું હતું કે, nikhilchavdagj1 નામના એક 'X' હેન્ડલ પરથી અત્યંત વિવાદાસ્પદ પોસ્ટ કરવામાં આવી હતી. આ પોસ્ટમાં સંતોના પહેરવેશવાળા વ્યક્તિની ઈમેજ સાથે એવું લખાણ લખવામાં આવ્યું હતું કે, 'આ લોકોને ગિરનાર પચાવી પાડવો છે' અને 'હનુમાનજીએ જૈન ધર્મથી દીક્ષા લીધી હતી - જૈન રામાયણમાં'.આ પ્રકારના લખાણ દ્વારા જૈન સમાજની ધાર્મિક લાગણી દુભાવવાનો અને બે જ્ઞાતિઓ વચ્ચે વૈમનસ્ય ફેલાવવાનો ઇરાદાપૂર્વક પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

#### આરોપી ધાર્મિક લાગણી દુભાય તેવી પોસ્ટ કરવા માટે ટેવાયેલો છે

ફરિયાદીના જણાવ્યા અનુસાર, આ ચોક્કસ આઈડી ધારક અગાઉ પણ ધાર્મિક લાગણી દુભાય તેવી પોસ્ટ કરવા માટે ટેવાયેલો છે. પુરાવા તરીકે પોસ્ટની લિંક અને સ્ક્રીનશોટ પોલીસને સોંપવામાં આવ્યા છે."જૈન ધર્મના પવિત્ર પ્રતીકો અને ઇતિહાસ વિશે અભદ્ર ટિપ્પણી થતાં સમગ્ર જૈન સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સામાજિક એકતા અને શાંતિ જળવાઈ રહે તે હેતુથી અમે કાયદેસરની કાર્યવાહીની માંગ કરી છે." હાલમાં ક્રાઇમ બ્રાંચ દ્વારા આ મામલે BNS સને ૨૦૨૩ની કલમ ૨૯૯ (ધાર્મિક લાગણી દુભાવવાના ઇરાદાપૂર્વકના કૃત્ય) મુજબ ગુનો નોંધી, સાયબર ક્રાઈમની મદદથી આઈડી ધારકની શોધખોળ હાથ ધરવામાં આવી છે.


### શ્રી સુરતી મોઢવણિક અવસાન



**સ્વર્ગીય ભુપેન્દ્રકુમાર ઈશ્વરલાલ ગોળવાલા - સ્વ. તા. ૨૦/૦૪/૨૦૨૬**

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પતિ/પિતાશ્રી સ્વર્ગીય ભુપેન્દ્રકુમાર ઈશ્વરલાલ ગોળવાલાનું તારીખ 20/04/2026નાં રોજ રાત્રે 11:15 કલાકે દુઃખદ અવસાન થયેલ છે. તેમની અંતિમયાત્રા તા 21/04/2026નાં રોજ સવારે 9:00 કલાકે અમારા નિવાસસ્થાનેથી ઉમરા રામનાથ ઘેલા મુકામે લઈ જવામાં આવશે.

લિ.
ગં.સ્વ ચેતનાબેન ભુપેન્દ્રકુમાર ગોળવાલા
અમિત ભુપેન્દ્રકુમાર ગોળવાલા (પુત્ર)
હિરલ અમિત ગોળવાલા (પુત્રવધુ)
ભાવિની (પિન્કી) મયુરકુમાર ગોળવાલા (પુત્રી)
મયુર જયવદનભાઈ ગોળવાલા (જમાઈ)
(આર્ય, પાર્થ, ધ્રુવ)

સરનામુ : 35, સતકેવલ સોસાયટી, સીટી લાઇટ, અમીધારા અપાર્ટમેન્ટની બાજુની ગલીમાં, સુરત
મો. 98253 26667, 9409552481
લૌકિક રીવાજ બંધ છે.